# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/228 Dt. 04/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ટેક્ષ્ટાઇલ પર્વ – બીજો દિવસ, ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલ એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટની જરૂરિયાત તથા બિઝનેસના ગ્રોથ માટે લીન્કડીનના ઉપયોગ વિષે માર્ગદર્શન અપાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે.

મંગળવાર, તા. ૨ ડિસેમ્બરે ટેક્ષ્ટાઇલ પર્વના બીજા દિવસે નિષ્ણાંત વકતાઓ તરીકે પીએચડી સ્કોલર અને ટેક્ષ્ટાઇલ ગ્રાફના એડિટર શ્રી અમરિષ ભટ્ટે ટેક્ષ્ટાઇલ એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટની જરૂરિયાત વિષે વિસ્તૃત જાણકારી આપી હતી, જ્યારે સોશિયલ નીબુના સ્થાપક શ્રી દિવ્યાંક જૈને ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને ટેક્ષ્ટાઇલ બિઝનેસના ગ્રોથ માટે લીન્કડીનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, સુરત શહેર ટેક્ષ્ટાઇલનો આત્મા છે અને અહીંના ઉદ્યોગ સાહસિકોએ પોતાની મહેનત, નવીનતા અને દિર્ઘદ્રષ્ટિ દ્વારા શહેરને વૈશ્વિક ક્ષેત્રે અનોખું સ્થાન અપાવ્યું છે. ટેક્ષ્ટાઇલ પર્વના ભાગ રૂપે ટેક્ષ્ટાઇલ સેકટર સંબંધિત વિવિધ મહત્વના વિષયો પર નિષ્ણાત

વક્તાઓ પાસેથી અમૂલ્ય માર્ગદર્શન ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવી રહયું છે, જે નિશ્ચિત રૂપે ઉદ્યોગને વધુ મજબૂત અને ગતિશીલ બનાવશે.

શ્રી અમરિષ ભટ્ટે જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના ઝડપી આધુનિકીકરણ વચ્ચે યુવા પેઢીએ ટેકનિકલ જ્ઞાન, નવી કુશળતા અને પ્રેક્ટિકલ સ્કિલ્સનું સમન્વય વિકસાવવું અત્યંત આવશ્યક છે. ગુણવત્તાસભર ટેક્ષ્ટાઇલ એજ્યુકેશનથી માત્ર રોજગારની તકો જ નથી વધતી, પણ વૈશ્વિક સ્તરે ભારતીય ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને મજબૂત સ્થાન પ્રાપ્ત થાય છે. તેમણે ઉદ્યોગ સાથે સંકળાયેલી સંસ્થાઓએ વધુ સ્કિલ–ઓરિએન્ટેડ કોર્સિસ, રિસર્ચ અને ઇનોવેશનને પ્રોત્સાહન આપવું જોઈએ એવી સલાહ આપી હતી.

શ્રી દિવ્યાંક જૈને જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં લીન્કડિન માત્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ નહી રહયું, પરંતુ બિઝનેસ નેટવર્કિંગ, બ્રાન્ડ બિલ્ડિંગ અને લીડ જનરેશન માટે શક્તિશાળી સાધન બની ગયું છે. ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો યોગ્ય પ્રોફાઇલ પ્રેઝન્ટેશન, કન્ટેન્ટ શેરિંગ, નેટવર્ક કનેકશન અને ઇન્ડસ્ટ્રી અપડેટ્સ દ્વારા પોતાના બિઝનેસને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડી શકે છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને ડિજિટલ પ્રેઝન્સ સુધારવા અને કોમ્યુનિકેશન સ્ટ્રેટેજી અપનાવવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યું હતું કે, સુરતના ફેબ્રિકસને ટેકનોલોજી સાથે જોડી તેમાં મોડર્ન ડિઝાઇનનો સમાવેશ કરીએ તથા પેકેજિંગ અને બ્રાન્ડિંગને વૈશ્વિક સ્તરનો ટચ આપી દઈએ તો ભારત માત્ર વિશ્વનું સપ્લાય હબ નહીં રહે, પરંતુ એક મહત્વપૂર્ણ ટ્રેડ સેન્ટર તરીકે પણ ઉભરી શકે છે. સરકારે એક્ષ્પોર્ટને પ્રોત્સાહન આપવા માટે નીતિઓને સરળ બનાવી છે. નવા આંતરરાષ્ટ્રીય બજારો ઝડપથી ખુલતા જઈ રહ્યા છે અને ડિજિટલ પ્લેટફોર્મ્સે એક્ષ્પોર્ટર્સ માટે વૈશ્વિક બજારના દ્વાર સંપૂર્ણપણે ખોલી દીધા છે. આ યુગમાં દરેક ઉદ્યોગ સાહસિક માટે સમાન અને વિશાળ તકો ઉપલબ્ધ થઈ રહી છે.

ચેમ્બરના જીએફઆરઆરસીના કો–ચેરમેન શ્રી અતુલ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જ્યારે ચેમ્બરના સિનિયર મેનેજર શ્રીમતી સેજલ પંડયાએ વકતાઓનો પરિચય આપ્યો હતો. ટેક્ષ્ટાઇલ પર્વના આ સત્રોમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને ટેક્ષ્ટાઇલ પ્રોફેશનલ્સને વૈશ્વિક ટ્રેન્ડ્સ, ટેકનોલોજી, શિક્ષણ અને ડિજિટલ બિઝનેસ ગ્રોથ બાબતે ઉપયોગી માર્ગદર્શન મળ્યું હતું.